
# ઉડતો ઘોડો



ઈરાવતી નામનું નગર . તે નગરનો રાજા હતો ચંદ્રરાય. રાજા ખૂબ જ શક્તિશાળી હતો પરંતુ તેની શક્તિનું તેને જરાપણ અભિમાન ન હતું. હૃદયથી તે ખૂબ જ દયાળુ હતો. ગરીબને જોઈને તેની આંખમાં આંસુ આવી જતાં અને પોતાનાથી થાય તેટલી તેને મદદ કરતો. સૂર્યોદય પહેલા ઊઠી નિત્યક્રમમાંથી પરવારી તે હંમેશા ભગવાનની

પ્રાર્થના- સ્તુતિમાં ખોવાઈ જતો. ભોજન સમય સુધી તે એક ચિત્તે ભગવાનનું સ્મરણ કરતો. તેના રાજ્યમાં આમ તો બધા સુખી લોકો હતાં. તેથી રાજા હંમેશ આનંદમાં રહેતો. લોકોને પણ રાજા માટે ગર્વ હતો.

ઈરાવતી નગરીને છેડે એક એવો વસવાટ હતો કે જ્યાં ખૂબ જ ગરીબ લોકો રહેતા હતા. છૂટક મજૂરી કરી પોતાનું ભરણ પોષણ કરતા. તેઓ રાજાનો ટેક્ષ નિયમિત ભરતા પણ તેના કારણે ક્યારેક કેટલાકને ભૂખ્યા સૂવું પડતું. રાજાના મંત્રીઓ ટેક્ષ વસુલ કરવામાં આ લોકો પર સહેજ પણ દયા રાખતા ન હતા. એટલું જ નહિ પણ પેલા ચંદ્રરાય રાજાને ક્યારેય આ વસવાટ બતાવ્યો પણ ન હતો કે તે વિશે વાત પણ કરી નહોતી.

ચંદ્રરાય સજ્જન હતો. ભગવાનના સતત ધ્યાન અને ભક્તિથી એક રાત્રે શંકર ભગવાન તેના સ્વપ્નમાં આવ્યા. તેમણે રાજાને કહ્યું, “તારું રાજા તરીકેનું કર્તવ્ય નીભાવવાની સાથે સાથે તું મારી ખૂબ જ ભક્તિ કરે છે તેથી હું પ્રસન્ન છું અને એક નાનકડી ભેટ તને આપું છું. આ રમકડાનો

ચાંદીનો ઘોડો છે. તેને પાંખો છે અને તે મનુષ્ય અવાજમાં બોલી પણ શકશે. તેના પર તું હાથ ફેરવીશ એટલે એ સજીવન થશે અને અસલી ઘોડો બની જશે. ફરીથી હાથ ફેરવીશ તો તે રમકડું બની જશે. તારા રાજ્યને સમૃધ્ધ કરવા તું એનો ઉપયોગ કરી શકીશ." આટલું કહી ભગવાન અદ્રશ્ય થઈ ગયા. સવારે રાજા જાગ્યો તો જોયું કે પોતાના ઓશિકા આગળ ચાંદીનો ઘોડો હતો. રાજાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તે પોતે માની નહોતો શકતો કે સ્વપ્નની વાત ખરેખર સાચી થઈ છે.

રાજાએ ચાંદીના ઘોડાને પૂજાઘરમાં મૂક્યો અને સતત તેનું પૂજન કરતો રહ્યો. એક વખત એને વિચાર આવ્યો કે મારા સમગ્ર નગરમાં તો હું ક્યારેય ફર્યો નથી. આ કામ આ ઘોડો કરી દે તો કેવું સારું ! અને એણે ઘોડાને કહ્યું, " નગરના ખૂણે ખૂણે શું થઈ રહ્યું છે તે માહિતી આજે રાત્રે તું મને લાવી આપજે." રાત પડી એટલે રાજાએ ઘોડા પર હાથ ફેરવ્યો ત્યાં તો તેના આશ્ચર્ય વચ્ચે સુંદર પાંખોવાળો સફેદ ઘોડો ઊભો થયો. થોડીક વારમાં આ ઘોડો આકાશમાં ઊડ્યો. નીચે નજર રાખીને નગરનો ખૂણેખૂણો તેણે જોયો. ઊડતો ઊડતો તે પેલા ગરીબોના વસવાટ તરફ અવ્યો. તે દુઃખી થઈ ગયો. કેટલાક ઘરમાં ઝઘડો ચાલતો હતો. તેણે સાંભળ્યું તો ઝઘડાનું કારણ હતું તેવા ઘરમાં ખાવા માટે અનાજનો દાણો પણ ન હતો. આમ ઘોડાએ આ વસતીના ખૂણેખૂણેથી માહિતી મેળવી અને પહોંચ્યો રાજમહેલે. રાજાને તે રાત્રે ઉંઘ આવતી નહતી. તેને થતું હતું કે હમણાં ઘોડો આવશે અને નગરના સમાચાર આપશે. પરોઢ થવા આવ્યું ત્યાં તો ઘોડા રાજાના ઓરડા સામે આવીને ઊભો રહ્યો. રાજા તેની રાહ જ જોતો હતો. રાજાએ પૂછ્યું, "નગરમાં બધાં સુખી છે ને ? ઘોડાને મનુષ્યની વાણી ફૂટી. ઘોડો બોલ્યો, "બાકી બધે શાંતિ છે પણ રાજા, એક વિસ્તાર એવો છે કે લોકોને ખાવા માટે અનાજ પણ મળતું નથી." "હેં, મારા નગરમાં આવો વિસ્તાર ! હજુ સુધી કોઈ મંત્રીએ મને જાણ પણ કરી નથી ?" રાજાએ કહ્યું. ઘોડો બોલ્યો, "હા, લોકો ભૂખના માર્યા એકબીજા સાથે ઝઘડતા મેં જોયા છે અને આપનું પ્રથમ કર્તવ્ય તે લોકોને અનાજ આપવાનું છે."

પાઠપૂજામાંથી પરવારી રાજાએ તાત્કાલિક મંત્રીઓની સભા ભરી. રાજાએ કહ્યું, "તમે મારા વિશ્વાસુ વ્યક્તિઓ છો છતાં પણ કેટલીક બાબતોમાં મને અંધારામાં રાખો છો તે યોગ્ય નથી." મહામંત્રી બોલ્યા, "રાજન્ , આપને અમે રજ રજની માહિતી આપીએ છીએ. આપ નારાજ થયા છો તેનું ક્યું કારણ છે ?" "તો સાંભળો મહામંત્રી, આ નગરમાં એવો પણ વસવાટ છે જ્યાં લોકોને બે ટાઈમ તો શું પણ એક ટાઈમ પણ રોટલો મળતો નથી. તમે ક્યારેય આ વાત મને કરી છે ?" મહામંત્રી ગભરાયા. મનમાં વિચાર કરવા લાગ્યા કે રાજા તો બહાર નીકળ્યા નથી અને આ માહિતી તેમને કોણે આપી ? તેમને વિચારોમાંથી જગાડતાં રાજાએ કહ્યું," હવે ચાલો મારી સાથે, અનાજના ગાડાં ભરો અને એ વિસ્તારમાં ઘેર ઘેર અનાજ વહેંચો." રાજાએ હુક્મ કર્યો. તાબડતોબ બધી વ્યવસ્થા થઈ ગઈ. બધા ઉપડ્યા પેલા વિસ્તારમાં લોકો માથે હાથ દઈ કામ વગરના બેઠા હતા.

નાનાં બાળકો ભૂખના માર્યા રોતાં હતાં. રાજાનું હૃદય કંપી ગયું. તેણે મહામંત્રીને હુક્મ કર્યો, "બધું જ અનાજ આ બધાં ઘરોમાં વહેંચી દો." મહામંત્રી અનાજની એક બોરી ઉપડાવી એક ઘર આગળ આવ્યા અને કહ્યું" લો, રાજા સાહેબે અનાજ આપ્યું છે." પેલા માણસે મહામંત્રીશ્રીને ધડ  દઈ ના પાડી દીધી. "અમે વગર મહેનતનું કંઈ લેતા નથી" આ જવાબ હતો. બીજા ઘરેથી પણ એજ જવાબ અને એમ દરેક ઘરનો આ જ જવાબ હતો. મહામંત્રી રાજા પાસે આવ્યા અને હકીકત કહી. રાજાને ગર્વ થયો કે મારી પ્રજા કેટલી સ્વાભિમાની છે. તેણે મહામંત્રીને હુક્મ કર્યો.  "આજે ને આજે નગરની આસપાસ તળાવો ખોદાવો અને આ લોકોને રોજગારી આપો. બધા કરતાં તેમને સવાયુ વળતર આપો."

તરત જ અમલ થયો વસવાટના લોકોમાં આનંદ છવાયો. પાવડા, કોદાળી અને તગારાં લઈ લોકો મંડી પડ્યા. વખત જતાં ત્રણ તળાવો તૈયાર થયાં. વધુ વળતર મળવાથી વસવાટના લોકો પણ આર્થિક રીતે સુખી થયા. ચોમાસે તળાવો છલકાઈ ગયાં અને આખા રાજ્યમાં પાણીનું સુખ થઈ ગયું. હવે રાજ્યનો કોઈ વિસ્તાર ગરીબ નહોતો. બધા સંપથી રહેતા હતા. બીજા દિવસે રાજાએ પૂજામાં મૂકેલ ઘોડો અદ્રશ્ય થઈ ગયેલો જોયો. તેણે ઘણી તપાસ કરી પણ ક્યાંય તે હતો નહિ. જો કે રાજાને પોતાની પ્રજા સુખી થઈ તેનો આનંદ થઈ ગયો. ભગવાનની તેણે ખૂબ પ્રાર્થના કરી આભાર માન્યો.

-અનંત શુક્લ